સિંઘવાઈ ફાર્મ તા. માંડવી જિ. સુરત ખાતેના ફાર્મ પર સુમુલ ડેરી સુરત અને અન્ય સંકલિત પાર્ટીઓ (જીએલડીબી ગાંધીનગર, પશુપાલન ખાતુ ગાંધીનગર અને વેટરનરી કોલેજ ન.કૃ.યુ.) સાથે દેશી પશુઓના વિવિધ પ્રોજેકટ અંતર્ગત **MOU** (સમજૂતી કરાર) કરવા બાબત.

## ◈ જાહેરનામુ નં. ૫૭૮/૨૦૧૬ ◈

*આથી સંબંધકર્તા સર્વેને જણાવવામાં આવે છે કે, તા.૮.૧૦.૨૦૧૬ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીના સંચાલક મંડળની છત્રીસમી બેઠકના કાર્યનોંધના મુદ્દા નં. ૩૬.૧૩ થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.*

" આથી ઠરાવવામાં આવે છે કે સિંઘવાઈ ફાર્મ તા. માંડવી જિ. સુરત ખાતેની દેશી ઓલાદના પશુઓના વિવિધ પ્રોજેકટના વિસ્તરણ અને સંશોધનની યોજનાના અમલીકરણ માટે ચારેય પાર્ટીઓ એટલે કે પશુપાલન વિભાગ ગાંધીનગર, જીએલડીબી ગાંધીનગર, વેટરનરી કોલેજ, નવસારી અને સુમુલ ડેરી, સુરત વચ્ચે થયેલ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (સમજૂતી કરાર) ને પાછલી અસરથી ***(Post-facto)*** શરતી મંજુરી આપવામાં આવે છે. આ કામગીરી માટે સરકાર ધ્વારા યોજના માટેનું સમગ્ર બાંધકામ અને તેને લગતી કાર્યવાહી કરવા માટેની સગવડતા ઉભી કરવા નાંણાકીય ભંડોળ પુરુ પાડવાનું રહેશે.

જા.નં.નકૃયુ/રજી/સંચાલક મંડળ /૧૬૬૩૫-૮૪ /૨૦૧૬
નવસારી તા. ૨૯.૧૧.૨૦૧૬

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાનાઃ-**

૧. નવસારી કૃષિ યુનિવર્સિટીના સંચાલક મંડળના તમામ સભ્યોશ્રીઓ તરફ
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ
૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ તરફ
૪. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ

**નકલ રવાનાઃ-**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ સારુ.
૨. અત્રેની કચેરીના એડીએમ. ૨.૧/૨.૨/૨.૩/૨.૫ શાખાઓ તરફ જાણ તથા અમલ સારુ..